જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૫/૦૫/૨૦૨૩    ગુરૂવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## મણીનગર પોલીસ સ્ટેશનની ૧૮૧ અભયમ ટીમ દ્વારા સગીર બાળકીનું કાઉન્સલીંગ કરી ખોટા રસ્તે જતા અટકાવી

તા.૨૨/૦૫/૨૦૨૩ ના રોજ ૧૮૧ અભયમ હેલ્પલાઇન પર એક  મહિલાનો ફોન આવે છે અને જણાવે છે કે પોતે હાલ બીજા લગ્ન કરેલ હોય તેમને પહેલા પતિથી એક દિકરો હોય જે દિકરો તેમજ પોતાની મરણ ગયેલ બહેનની દિકરીને પોતાની સાથે રાખતા હોય. જે બહેનની દિકરી હાલમાં ખરાબ સંગતને કારણે અનેક છોકરાઓ સાથે ફ્રેન્ડશીપ કરે છે અને એક બે છોકરાને લગ્નના વાયદા આપેલ કે હું તારી સાથે લગ્ન કરીશ અને જે છોકરાઓ ઘરની આસપાસ આટા મારતા હોય છે. જેની જાણ સાસરી વાળાને થતા સાસરીપક્ષ તરફથી મહિલાને મેણા ટોણા સાંભળવા પડે છે. મહિલાએ દિકરીને સમજાવવા અનેક પ્રયત્નો કર્યા છતા સમજવા તૈયાર ન હતી. મહિલાએ પોતે બીજા લગ્ન કરેલ હોવા છતા પોતાની સાથે બહેનની દિકરીને પોતાની દિકરીની જેમ રાખતી હોય તેઓના પતિ પણ પોતાના બાળકોની જેમ સાચવતા હોય મહિલાની લાગણી દુભાઈ હોય દિકરીનુ કાઉન્સેલીંગ કરવા જણાવતા તાત્કાલીક મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ આ દિકરીને સમજાવવા પહોચી જિંદગીમાં મહત્વના વ્યક્તિની કદર કરતા શીખવાડી પોતાના ભણતર અને કારકીર્દી વિશે સમજણ આપી પોતાના માતા-પિતા સાચવનાર ના હોય તેના માસા-માસી તેને દિકરીની જેમ સાચવતા હોય જેથી તેના માસીને તકલીફ ના પડે એ રીતે રહેવા સમજાવતા દિકરીને પોતાની ભુલ સમજાતા પોતાના માસા-માસીની માફી માંગી અને ફરીથી એવુ કોઈ કાર્ય નહી કરે જેના લીધે તેના માસીને સાસરીમાં સાંભાળવુ પડે અને પોતે આગળ નર્સિંગ કરી પોતાની જિંદગી બનાવશે તેવી બાંહેધરી આપી. આમ સગીર દિકરીનુ કાઉન્સલીંગ કરી તેની ખોટા રસ્તે જઈ જિંદગી બર્બાદ થતી અટકાવવા જેવી માનવતા ભરી સારી કામગીરી મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર ટીમ :-** મણીનગર પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમ



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૩૮/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૯૮ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ રિક્ષા અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૦૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૩૯/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૪૦/૨૦૨૩**

**ઈસનપુરઃ** બંસરીબહેન ડો/ઓ પ્રકાશભાઈ ઠક્કર (ઉ.વ.૩૬) (રહે. ઉમાપાર્ક સોસાયટી જનપથ સોસાયટી પાછળ ઘોડાસર) એ તા.૨૪/૦૫/૨૦૨૩ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બંસરીબહેન ઠક્કરની પિતરાઇ બહેનને દામપત્ય જીવનમાં તકલીફો પડતી હોય તેમજ ઘર કંકાસ થતો હોઈ ગ્રહશાંતિ માટે પુજાપાઠ કરાવવાની હોય, બંસરીબહેન ઠક્કરની પિતરાઇ બહેનને ઓનલાઇન ઇન્ટ્રાગ્રામ ઉપર તપાસ કરતા ઇન્ટ્રાગ્રામ આઇ.ડી. “the paras hope” જેનુ યુ.આર.એલ. લીંક “https:// instagram.com theparas hope gshid MzRIODBiNWFIZA” મળેલ હતુ. જેની સાથે પુજાપાઠ બાબતે વાતચીત કરતા મોબાઇલ નંબર ૬૩૬૭૬૮૯૩૨૫ આપેલ. જે મોબાઈલ નંબરના ધારક સાથે વાતચીત કરતા ગ્રહશાંતી માટે પુજાપાઠની વિધી કરવાનુ કહી તા.૧૦/૦૫/૨૦૨૩ થી તા.૨૧/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન ઓનલાઈન રૂપિયા ૪૨,૮૮૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરે હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી.ડી.ગોહીલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૪૧/૨૦૨૩**

**વસ્ત્રાપુરઃ** પ્રણવ ભરતભાઇ સોલંકી (રહે. ઇલોરા એપાર્ટમેન્ટ સંભવનાથ બંગલોઝ પાછળ ગુજરાત હાઉસીંગ બોર્ડ થલતેજ) એ તા.૨૪/૦૫/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૪૫ થી તા.૨૨/૦૫/૨૦૨૩ કલાક ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી લોખંડની તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના, કાંડા ઘડિયાળ, ઇયર બર્ડ, મોબાઇલ ફોન, પરચુરણ વસ્તુઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૪,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ધર્મિષ્ઠાબહેન લિંબાભાઇ ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૪૨/૨૦૨૩**

**સાબરમતીઃ** હરેશભાઇ જેસીંગભાઇ રાવત (ઉ.વ.૪૧) (રહે. ગોદાવરી એપાર્ટમેન્ટ ડી-કેબીન સાબરમતી) તા.૨૩/૦૫/૨૦૨૩ રાતના ૯/૨૦ વાગ્યાના સુમારે સાબરમતી ડી-કેબીન થી ચાંદખેડા જતા રેલ્વે ફાટક નજીક ટ્રેઈનની અડફેટે આવી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી એ.જે.પ્રજાપતી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૪૩/૨૦૨૩**

**ખોખરાઃ** શિવકુમાર દિનેશ પાન્ડેય (ઉ.વ.૨૭) (રહે. કૃષ્ણની ચાલી ઓશીયા મોલ સામે ખોખરા સર્કલ પાસે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૫/૨૦૨૩ સવારના ૮/૩૦ થી રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડિ.હડીયા ચલાવે છે.

**રામોલઃ** વેન્ઝિલ રાકેશ ક્રિશ્ચિયન (ઉ.વ.૩૧) (રહે. અનુપમનગર સોસાયટી, રામોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૫/૨૦૨૩ સાંજનાં ૫/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી